# મહાશ્વેતાદેવીની વિદાય

## તંત્રીસ્થાનેથી...

મહાશ્વેતાદેવીની અને લચ્છુ મહારાજ જેવી પ્રતિભાઓની હાજરી જ એક આશ્વાસન બની રહેતી હોય છે. સર્જકો અને કલાકારોને લીધે વિશ્વમાં ભારતની એક આગવી ઓળખ ઊભી થયેલી છે. ભૌતિકવાદી પશ્ચિમની સામે આપણી પાસે આ એવી શાશ્વત સંપદા છે. જે પોતાની હયાતી પછી પણ હોંકારા ભણતી રહે છે. 'હોંકારો' શબ્દ લખતાં જ ડાયરાની સંસ્કૃતિનું સ્મરણ થાય. લાખાભાઈ ગઢવીની વિદાય આપણી આ અણમોલ વિરાસતની ક્યારેય ન પુરાય એવી ખોટ છે. ભારતીય સાહિત્યકારને મળતાં તમામ માન-અકરામ મેળવનારાં મહાશ્વેતા દેવીનું નામ વારંવાર નૉબેલ પ્રાઈઝ માટે પણ પ્રપોઝ થયું રહ્યું પરંતુ આ જો કે એમને સાહિત્ય અકાદમી પુરસ્કાર અને જ્ઞાનપીઠ પારિતોષિક ઉપરાંત પદ્મવિભૂષણ જેવું રાષ્ટ્રીય સમ્માન મળ્યું હતું પરંતુ સર્વહારા સમુદાયના ઉત્થાન અને અધિકારો માટે ઝઝૂમતાં આ નવલકથાકાર માટે કોઈ પણ પારિતોષિક કરતાં માણસની જિંદગી જ વધુ મહત્ત્વની હતી. એમને સૌથી વધુ પ્રસિદ્ધિ સાંપડી નકસલવાદની થીમ પર આધારિત એમની કાલજયી નવલકથા 'હજાર ચુરાશેર મા' માટે, જેના ઉપરથી ફિલ્મ પણ બની હતી. મૂળે કવયિત્રી મહાશ્વેતા દેવીને એમની સાચી રગ કથા સાથે જોડાયેલી હોવાનો ખ્યાલ એમની 'ઝાંસી કી રાની' નવલકથાથી આવ્યો. એ પછી એમણે પ્રચુર લેખનકાર્ય કર્યું અને બાંગ્લા ભાષાનાં જ નહીં બલકે સમગ્ર ભારતીય ભાષાઓનાં પ્રતિનિધિ નવલકથાકાર બની રહ્યાં. જો કે એમનું લેખન એવું તેજાબી હતું કે એ આપણી ભાષાના લેખકો અને વાંચકોને ટાગોર, શરદબાબુ કે બિમલ મિત્ર જેવા 'પ્રશિષ્ટ' સર્જકોના લેખન જેટલું અનુવાદક્ષમ ન લાગ્યું! જેણે પણ એમને ગુજરાતના અનામત આંદોલન, અનુગોધરા રમખાણો અને સવિશેષ આદિવાસી સમાજની પીડા સંદર્ભે સ્પષ્ટ અભિપ્રાય આપતાં સાંભળ્યાં હશે તે ક્યારેય ભૂલી શકાશે નહીં. સાહિત્યકાર ઉપરાંત એ બહુ જ મોટાં કર્મશીલ હતા. ગુજરાતમાં વડોદરાની મ.સ. યુનિવર્સિટીના અંગ્રેજી વિષયના વિદ્વાન પ્રોફેસર ગણેશ દેવીની તેજગઢ ખાતે ચાલતી આદિવાસી અકાદમીના મુલાકાતે આવ્યાં તે પછી અવારનવાર ગુજરાતી સાહિત્યકારોએ દલિત-વંચિત-શોષિત સમુદાય પ્રત્યે દાખવેલી ઉદાસીનતા વિશે તેઓ ટીકાં કરતાં રહ્યાં છે. દમન-શોષણની ઘટના કાને પડતાં જ વયોવૃદ્ધ લેખિકા જાત તપાસ અર્થે દોડી પડતાં. નેવું વર્ષની જૈફ વયે એમના નિધનથી સુષમા સ્વરાજ કહે છે તેમ સાચે જ એક યુગનો અંત આવી ગયો છે. કળા ખાતર કળામાં માનનારા સાહિત્યકારો અને વિદ્વાનોને મહાશ્વેતાદેવીના સાહિત્યમાં ફક્ત 'એક્ટિવિસ્ટ' કે નકસલવાદી જ દેખાતો હોય તો એમની દૃષ્ટિનો દોષ છે. હકીકતમાં મહાશ્વેતા જનસાધારણનાં હરખ-શોખ અને સુખદુ:ખને વાચા આપનારાં મહાન લેખિકા હતાં. પં. બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ તો એમને પોતાની માતા અને માર્ગદર્શન માન્યાં હતા.

# સાચો બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય આજે નથી આપણે બધા જ શૂદ્રો છીએ

તા. ૨ ઑક્ટોબર ૧૯૩૨

બાપુનાં મોટીબહેને જન્મદિવસનો તાર કરેલો :

"અંત:કરણપૂર્વક પ્રાર્થના કરું છું કે તમારું શરીર ફૂલના જેવું ખીલે. ઈશ્વર તમારું કલ્યાણ કરો. જવાબની રાહ જોઉં છું. એમને બાપુએ તારથી જવાબ આપ્યો :

ઈશ્વરની કૃપાથી ફૂલની જેમ ખીલી રહ્યો છું પણ અસ્પૃશ્યતાની બાબતમાં તમારું મન તે મે સુધારી લીધું?"

મહાદેવભાઈ દેસાઈ તેમની ડાયરી ભાગ-૨માં પૃષ્ઠ-૧૦૨ ઉપર આ પ્રકારની નોંધ કરે છે. આ નોંધ સાથે મહાદેવભાઈએ નોંધેલી બીજી વાત પણ નોંધાવી પડે. મહાત્મા ગાંધીએ મોટી બહેનને લખેલો એ કાગળ પોતાના મોટાભાઈ ખુશાલભાઈ મારફત મોકલ્યો, એટલા જ હેતુથી કે એઓ પણ એ તાર જોઈને જાણે કે આને આશીર્વાદ આપવામાં કેટલી જવાબદારી રહેલી છે.

અસ્પૃશ્યતા નિવારણ સાથે સાચાં સ્વરાજના વિચાર અને અમલને વરેલા મહાત્મા ગાંધીએ ૧૯૩૨ અલગ દલિત મતદાર મંડળની ડૉ. બાબાસાહેબ આંબેડકરની માગણી સામે ઉપવાસ કર્યા હતા. આ ઉપવાસ સમયે બાપુની તબિયત ખાસી લથડી હતી. આખો યે પ્રશ્ન સુખદ રીતે ઉકેલાયો અને બાપુએ અનશન ત્યજ્યાં તે સમયે ઘણાંબધાંએ બાપુના નવા જન્મ તરીકે તેને ઓળખાવ્યો હતો. પરંતુ બાપુએ અસ્પૃશ્યતા નિવારણ સંદર્ભે વ્યાપક જનમત-જાગૃતિ ઘડવાનું કામ ચાલુ રાખ્યું હતું. અસ્પૃશ્યતા વિશે હરિભાઈ ફાટકનો કેટલાક સવાલો વાળો કાગળ બાપુને મળ્યો હતો. બાપુએ તેમના સવાલોના ટૂંકા જવાબો પૂરતાં છે એમ કહેતા પ્રત્યુત્તર આપ્યો હતો કે,

'અસ્પૃશ્યતાનું જડમૂળથી નિવારણ કરવા માટે સહભોજન અને મિશ્રવિવાદ અનિવાર્ય નથી. આ બે સુધારા અલગ અલગ છે અને હિંદુ સમાજની બધી જ્ઞાતિઓએ એક દિવસ તે સ્વીકારવા પડશે.'

બળજબરીથી કશું થઈ શકે નહીં અને કશું કરવું પણ ન જોઈએ એવી સ્પષ્ટતા સાથે મહાત્માજી પત્રલેખકને લખે છે 'ઉપવાસ અને એવા ઉપાયો લોકો પાસે તેમની મરજી વિરુદ્ધ કશું કરાવવા માટે નથી. એ તો લોકોને વિચાર કરતા તથા કામ કરી મૂકવા માટે છે. 'અસ્પૃશ્યો' જો હવે અસ્પૃશ્ય ન રહ્યા હોય તો તેઓ હિંદુ સમાજમાં શું છે? એવા સવાલ કરતાં બાપુ કહે છે - 'મારો અભિપ્રાય એવો છે કે હિંદુ સમાજમાં આજે વર્ણવ્યવસ્થા નાશ પામેલી છે. સાચો બ્રાહ્મણ અથવા સાચો ક્ષત્રિય અથવા સાચો વૈશ્ય આજે નથી. આપણે બધા જ શૂદ્રો છીએ એટલે કે એક વર્ણ છીએ. પણ આનો સ્વીકાર કરતા આપણું અભિમાન ઘવાતું હોય તો આપણે બધા બ્રાહ્મણો કહેવડાવીએ. અસ્પૃશ્યતાનું નિવારણ કરવું એટલે ઊંચનીચના ભેદભાવનો જડમૂળથી નાશ કરવો. જે એમ કહે કે 'હું બીજા માણસોથી ચડિયાતો છું.' તે પોતાને હલકો પાડે છે જે એમ કહે છે કે 'હું તો બધા માણસો કરતાં તુચ્છ છું.' તે પોતાને ચડાવે છે. આમ પ્રત્યુત્તર વાળતા બાપુ તેમના ઉપવાસને આ પ્રશ્નનો ઉપલકિયા ઉકેલ આણવા માટે નહોતા પણ આપણે બધા સાચા બનીએ તે માટે હતા એમ કહે છે.

## તમારી માયાને વશ થઈને પણ અસ્પૃશ્યતા નિવારણને કેમ છોડવી? - મહાત્માની ટકોર

મહાત્મા ગાંધીના આ ઉપવાસ-સપ્તાહની જાગૃતિ ગામ-નગર-રાજયને વિદેશોમાં પણ પહોંચી હતી. દેશવિદેશમાંથી આ સંબંધે પત્ર આવતા હતા અને બાપુ જવાબ આપતા હતા. એક પત્રમાં તેઓ કહે છે, મેં ઘણીવાર અને લાંબા ઉપવાસે કરેલા છે. પણ એકેમાં આટલો આનંદ નથી મળ્યો. સંત ફ્રાંસિસના એક ઈટાલિયન મઠની બહેનોએ (સાધ્વીઓ) પણ અનશન અંગે પત્ર લખ્યો હતો. તેમને જવાબ વાળતાં તેઓ લખે છે : 'તમારો સુંદર અને પ્રેમાળ કાગળ મને ઉપવાસ દરમિયાન મળ્યો હતો. તમારા જેવાનો પ્રેમ માટે મારે ઈશ્વરે મોકલેલા ખોરાક સમાન થઈ પડ્યો હતો.'




યાતનાના દિવસો આંતરિક આનંદના દિવસો પણ હતા. કરોડો માણસોએ પોતાના માનવબંધુઓ પ્રત્યે અસ્પૃશ્યતા રાખવાનું જે મહાપાપ કર્યું છે તે ધોવા માટે આ નાની તપશ્ચર્યા હતી.

કહાન ચકુ ગાંધીએ બાપુને પત્રમાં બહુ વિનયપૂર્વક લખ્યું હતું કે હિંદુ સમાજમાં નાહકનો ખળભળાટ ન કરો. ચાલ્યું આવ્યું તેમ ચાલશે. તમને બહુ વિજય મળ્યો હવે તપશ્ચર્યાનો આ ઉપયોગ ન કરો એવી સૂચના આપીને સૂચના બદલ માફી પણ માગી બાપુએ તેમને જવાબ વાળ્યો : 'તમારો માયાળુ પત્ર મળ્યો છે. તમારી માયાની પાછળ રહેલી માગણી એવી ચે કે મારે પચાસ વરસની માન્યતા અને મહેનતને (અસ્પૃશ્યતા નિવારણની) છોડી દેવી.' એ માયાને વશ થઈને પણ કેમ બની શકે?

અસ્પૃશ્યતા નિવારણના બાપુના આજીવન કાર્યો આજે પણ ઊગી નીકળે એ જ 'મહાત્મા'ને સાચી અંજલિ ગણાય.

સંદર્ભો : મહાદેવભાઈની ડાયરી ભાગ-૨, પૃષ્ઠ : ૭૦ થી ૧૧૪માંથી

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# આર્કિટેક્ટ પવન જૈન સહિત દેશની ૩૫ નામાંકિત વ્યક્તિઓ સન્માનિત થઈ



## કેદારનાથના વિનાશક ભૂકંપમાંથી લોકોને બચાવવા રસ્તાનું નિર્માણ કરવાનાર

દિલ્હી : દેશના પ્રસિદ્ધ આર્કિટેચર પવન જૈનને મરણોપરાંત "આઉટ સ્ટેન્ડિંગ એચીવમેન્ટ" ઍવોર્ડથી એનાયત કરવામાં આવ્યો હતો. "ગઢવાલ પોસ્ટ" અખબારે પોતાની સફરના ૨૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ સમારંભનું આયોજન કર્યું હતું. દિલ્હીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પવન જૈન ઉપરાંત બીજા અન્ય ક્ષેત્રોની વ્યક્તિઓને પણ સન્માનિત કરવામાંવી હતી.

પવન જૈને ઉત્તરાખંડમાં અવાર-નવાર આવતા ભૂકંપથી બચવા માટે ભૂકંપપ્રૂફ મકાનોની ડિઝાઈન બનીવીને તે માટે લોકોને પ્રેરિત કર્યા હતા. તેમનું મહત્વનું પ્રદાન ગણવું હોય તો કેદારનાથ માં વિનાશક પૂર વખતે અસરગ્રસ્તોને બચાવવા માટે તેઓએ રસ્તાનું નિર્માણ કરાવ્યું હતું.




પવન જૈનનો પુરસ્કાર તેમનાં પત્નીને અર્પણ કરવામાં આવ્યો હતો. ફિલ્મ નિર્દેશક અલિ અબ્બાસ જફર,નિર્માતા અનુપમ શર્મા, સમાજ સેવામાં નુપમા જોશી, ચિકિત્સા ક્ષેત્રે ડૉ. ગૌરવ લૂથરા, અભિનેત્રી હિમાની શિવપુરી,શ્રુતિ ઉલ્ફત અને શિક્ષણ ક્ષેત્રમાં ગુનમીત તથા કુનાલ વગેરેને આઉટ સ્ટેન્ડિંગ એચીવમેન્ટ ઍવાર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે કેન્દ્રિય મંત્રી ઉમા ભારતી અને મેનકા ગાંધીએ ઉપસ્થિત રહીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તેઓએ કહ્યું હતું કે, " સમાજમાં પર્યાવરણની રક્ષા અને અન્ય ક્ષેત્રોમાં હકારાત્મક તથા રચનાત્મક કાર્યોને ઉજાગર કરવાનું કામ એ જ સાચું પત્રકારત્વ છે."

(પુર્ન લેખન - રા પોઝિટિવ મિડિયા)

# પંખાની હવા નથી આવતી તે માટે આટલો મોટો ઝમેલો કેમ?

## પંખો આંગણવાડીનો

છેવટે જમનાબેને અરજી કરી જ દીધી.

આંગણવાડીમાં સરકાર દ્વારા નાખવામાં આવેલ પંખાની હવા બાળકો સુધી પહોંચતી નહોતી. કહોને કે પંખાની હવા આવતી જ નહોતી.

ગ્રામપંચાયતના સભ્યો અને સરપંચે તપાસ કરી. વાત સાચી નીકળી. પંખો છે પણ હવા આવતી નથી. એમણે આ સમસ્યા તાલુકા કક્ષાએ પહોંચાડી. તાલુકા કક્ષાના અધિકારીઓ વધુ હોશિંયાર અને અનુભવી નિકળ્યા. તેમણે તરતજ અનુમાન કરી લીધુ કે પંખાની 'સ્વીચ ઓફ' હશે. તાલુકા કક્ષાએથી 'સ્વીચ ઓન-ઓફ' એક્ષપર્ટ ટીમ તપાસમાં આવી ટીમે રીપોર્ટ તૈયાર કર્યો કે પંખાની સ્વીચ ચાલુ છે અને પંખો ફરે પણ છે. હવે સમસ્યા વધુ પેચીદી થતી ગઈ. પંખાની સ્વીચ ચાલુ છે પંખો ફરે છે ને હવા આવતી નથી. લોકોનો પાયાનો પ્રશ્ન એ હતો કે (ગરીબીથી) સોરી ગરમીથી છૂટકારો મળે. આંગણવાડીના નાના ભૂલકાઓ પરસેવે રેબઝેબ થઈ જાય છે. તેમને પંખાની સગવડ મળે એ મૂળ હેતુ રહેલો હતો. એક ઉચ્ચકક્ષાની નિષ્ણાતોની ટીમ નાનકડાં રામપુર ગામમાં આવી પહોંચી.

ટીમ નિષ્ણાતોએ સર્વે કર્યો. ને પૂરા ૨૪૦૦ પાનાનો રિપોર્ટ તૈયાર કર્યો.

મંત્રીશ્રીએ તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવી તમામ અધિકારીઓને આંગણવાડીના બાળકોને પંખાની હવા મળે તેવા પગલાં લેવાની તાકીદ કરી.

મંત્રીશ્રીએ નિવેદન આપ્યુ કે "અમારી સરકાર પંખાના પ્રશ્ન બાબતે ખૂબજ ગંભીર છે. અમારી સરકાર બાળકોની સરકાર છે. બાળકો માટે કામ કરતી સરકાર છે. બાળકોને વધુમાં વધુ સુવિધા મળી રહે તેવા પગલાં અમે ચોક્કસલેવાના છીએ."

આંગણવાડીના પ્રશ્ન બાબતે પત્રકારને જવાબ આપતાં મંત્રીશ્રીએ ધારદાર નિવેદન આપ્યુ કે 'આંગણવાડીની સમસ્યામાં મને દેશ વિરોધી તત્વોનો હાથ લાગે છે.'

નાનકડા રામપુર ગામમાં ટીવી અને મિડીયા પણ આવી પહોંચ્યું.

આંગણવાડીના કાર્યકર જમનાબેન ગભરાઈ ગયા. એક પંખા માટે, પંખાની હવા નથી આવતી તે માટે આટલો મોટો ઝમેલો કેમ ? રાજકારણમાં રસ ધરાવતાં કહેવાતા નેતાઓ જમનાબેનને આશ્વાસન આપવા આવ્યા. 'ગભરાઓ નહિ, અમે તમારી સાથે છીએ'. 'તમને ગરમી નહિ થવા દઈએ'.

મારી વાત નથી. જમનાબેને કહયું.

"તો પછી કોની?

'આંગણવાડીના બાળકો........તેમના માટે પંખાની વાત છે.'

'ઓ હો.... હો.... બાળકો માટે તો હે... હે...મે હંમેશા તૈયાર જ .... કેમ લ્યા પશા બોલને ?'

'હા... હા.. પંખાની હવા તો પહોંચવી જ જોઈએ.નહિ તો ગાંધી ચીન્ધ્યા માર્ગે આંદોલન કરીશું.'

એક ટીવી પત્રકાર આગળ આવ્યા ને જમનાબેનને પ્રશ્ન પૂછવા માંડયા.

'પંખો કેટલા સમયથી બંધ છે ?'

'પંખો બંધ નથી.' 'તો?'

'પંખો ચાલુ છે.'




'એમ ?'

'તો પ્રશ્ન કયાં છે ?'

'પંખો ફરે પણ છે. પણ હવા આવતી નથી.'

'ઓ... હો..'

હા , તો અહીં આપ જોઈ શકો છો. આ છે આંગણવાડીનું મકાન. જેમાં ભણે છે બાળકો .તમે જોઈ રહયાં છો આંગણવાડીનો પંખો .પંખાની સ્વીચ પણ ચાલુ છે. અને તમે જોઈ શકો છો કે પંખો ફરે છે , પણ ....... તો અહીં પાયાનો સવાલ છે કે બાળકોને લાગતી ગરમીનું શું ? જો પંખો ફરે છે તો બાળકોને ગરમી કેમ થાય છે ? તો પછી ૪૮° ડિગ્રી તાપમાનમાં બાળકો કેવી રીતે ભણી શકશે ? જેવા પાયાના પ્રશ્નો હજી ત્યાંને ત્યાં જ ઊભા છે. આંગણવાડી રામપુરથી કેમેરામેન સાથે સંજીવ શર્મા ન્યુઝ જબતક.

તો આંગણવાડીના પંખાની હવા બાળકો સુધી પહોંચી કે નહી, તે માટે સતત જોતા રહો ન્યુજ જબતક.

ગુરુવારે વિધાનસભામાં રામપુરની આંગણવાડીના પંખાનો પ્રશ્ન ચગ્યો. વિરોધપક્ષોએ વોકઆઉટ કર્યુ અને મિડિયાને જણાવ્યું કે પંખાની હવા બાળકો સુધી પહોંચવી જ જોઈએ. અમે ગામે ગામ જઈશુ. રસ્તા પર ઉતરી આવશું ને જેલ ભરો આંદોલન કરીશું.

આ બધી ધમાલ વચ્ચે આંગણવાડીના નાના બાળકો અંદરો અંદર વાતચીત કરતાં હતા.

હે...લા... આ બધા આપણી નિહારમાં કેમ આયા ?

ઓ...લા... પંખા હાટુ.

એમ ?

પંખાની આસપાસ બધા બાળકો ઊભા રહી ગયા.

જોયુ તો પંખાની સ્વીચ ચાલુ હતી. પંખો ડાબેથી જમણે ને જમણે થી ડાબે ફરી રહયો હતો.

પરંતુ પંખાની અંદરના પાખીયા ફરતાં નહોતા.

એક અળવિતરા છોકરાએ લાકડાની સળી લીધી ને પંખાની પાંખોને અડાડી.પાંખો ફરવા માંડી. બાળકો ખુશ થઈ કિકિયારીઓ કરવા લાગ્યા.

મિસરી

બોલ ! તને કઈ જગ્યાએ રહેવું છે રાજીખુશીથી
મેં મારા બે શ્વાસની વચ્ચે તારી જગ્યા રાખી છે.

(સ્નેહી પરમાર)

●●●

# સાહિત્ય યાત્રા : ગાંધીનગરથી કચ્છ સુધી...

શનિસભા અને બુક પબના સંયુક્ત ઉપક્રમે 'હું' વિષયને કેન્દ્રસ્થાને રાખી રચાયેલી કૃતિઓનો કાવ્યસંગ્રહ 'કેપિટલ આઈ'નું વિમોચન અને લોકાર્પણ વિધિ તા. ૧૬-૭-૨૦૧૬ના રોજ, કનોરિઆ સેન્ટર ફોર આર્ટ્સ, અમદાવાદ ખાતે બી.વી. દોશીના વરદ્‌હસ્તે યોજાઈ ગયો. આ કાવ્યસંગ્રહમાં કુલ-૨૮ જેટલા નિવડેલા તથા નવોદિત કવિઓની રચનાઓને સમાવવામાં આવેલી છે જેમાં કવિઓ માધવ રામાનુજ, ભાગ્યેશ જહા, ચિનુ મોદી, મનિષ પાઠક 'શ્વેત', જયંત ડાંગોદરા, અનિલ ચાવડા, ચેતન શુક્લ, યજ્ઞેશ વ્યાસ, રાધિકા પટેલ, દિલીપ શ્રીમાળી, યોગેશ ભટ્ટ, રમેશ દરજી, જિજ્ઞા મહેતા, પાર્થ તારપરા, સુરેશચંદ્ર રાવલ, આગમ શાહ, વિપુલ અરમાવ, લતા હિરાણી, નિશા પંચાલ, પ્રતાપસિંહ ડાભી, દિલીપ દવે, તથાગત પટેલ, ગિરીશ પરમાર, કિશોર પંડ્યા, ચંદ્રકાન્ત ધલ, અક્ષય દવે, તેજસ દવે અને રજની પાઠકની કવિતાઓનો સમાવેશ થાય છે.


● આણંદ સ્થિત વલ્લભવિદ્યાનગરની, સરદાર પટેલ યુનિ. સંલગ્ન ચારૂતર વિદ્યામંડળની 'ઈલસાસ' કૉલેજમાં કાર્યરત અને પત્રકારત્વ તથા સાંપ્રત પ્રવાહોના ઊંડા અભ્યાસી અને સમૂહ માધ્યમોના અધ્યાપન સાથે સંકળાયેલ ડૉ. સંજયે કચોટ લિખિત પત્રકારત્વ અને સમૂહ માધ્યમો વિષય પરના ત્રણ માહિતીસભર પુસ્તકો

(૧) ઓગણીસમી સદીનું ગુજરાતી પત્રકારત્વ : 'પ્રવાહો અને પ્રભાવ'

(૨) ગુજરાતી પત્રકારત્વનું સાહિત્યિક અને સામાજિક પ્રદાન

(૩) 'માધ્યમો સંશોધન અને વિશ્લેષણ'

- નો વિમોચન અને લોકાર્પણ વિધિ ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ ડૉ.ઓ.પી. કૉહલીજીના વરદ્ હસ્તે, રાજભવન - ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. રસાળ, સરસ અને સરળ શૈલીમાં લખનાર ડૉ. સંજય કચોટે 'સ્વવતંત્રતા પૂર્વેનું ગુજરાતી પત્રકારત્વ' વિષય પર ગુજરાત યુનિ.માંથી ડૉક્ટરેટની ઉપાધિ હાંસલ કરી છે અને વિવિધ અખબારોમાં પત્રકાર અને



વિવિધસ્તરે સંપાદન કાર્યમાં દસ વર્ષની સુદીર્ઘ સેવાઓ આપી છે.

● સર્વોપરી શૈક્ષણિક સંકુલ, નવા સાદુળકા, તા.જી. મોરબી ખાતે તા.૧૮-૬-૨૦૧૬ના રોજ એક બાળસાહિત્ય શિબિર યોજાઈ ગઈ, જેમાં આમંત્રિત વક્તા તરીકે દીપક ત્રિવેદી અને હર્ષિદા ત્રિવેદી હતા. જયારે શિબિરનાં સંચાલિકા તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીની કાર્યવાહક સમિતિનાં વરિષ્ઠ સભ્ય લતાબહેન હિરાણીએ સેવાઓ આપી હતી. આ બાળશિબિરમાં ૩૦ થી ૪૦ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો.




● ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગરુપે વિવિધ સાહિત્યલક્ષી કાર્યક્રમો અંતર્ગત એક રાજયકક્ષાનું દલિત કવિસંમેલન તા.૧૫-૭-૨૦૧૬ના રોજ, ભાઈકાકા ભવન, અમદાવાદ ખાતે યોજાઈ ગયું. જેમાં ૩૦ જેટલા ગુજરાતના દલિત કવિઓએ પોતાની સ્વરચિત કાવ્યરચનાઓ રજૂ કરી હતી. જેમાં અકાદમીના અધ્યક્ષ તથા ચીનુ મોદી, માધવ રામાનુજ અને રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

● બનાસકાંઠાના પાલનપુર ખાતે શ્રીમતી એચ.એસ. ગુપ્તા, ટ્રસ્ટ-માવજત હોસ્પિટલ; બનાસ સાહિત્ય કલાસંઘ અને રઘુવંશી લોહાણા સમાજના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રીય ગૃહમંત્રી હરિભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને, ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કૃત સર્વ મુસાફીર પાલનપુરી, કનુભાઈ આચાર્ય અને ધરમાભાઈ શ્રીમાળીનું સન્માન કરવામાં આવ્યું હતુ અને આ તા. ૨૧-૫-૨૦૧૬ના રોજ યોજવામાં આવેલ આ ત્રિવેદી સંગમ કાર્યક્રમમાં ધરમાભાઈ શ્રીમાળીના વાર્તાસંગ્રહ 'પીઠી'નું અને કનુભાઈ આચાર્યની નવલકથા 'તું તો યાર સ્ટાઈલીશ હીરો છે.'નું વિમોચન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાહિત્યરસિક ભગવાનદાસ ઠક્કર 'બંધુ'એ કર્યું હતું.

● ગુજરાતી સાહિત્ય પરિષદ અને શોભિત દેસાઈ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૬-૨૦૧૬ના રોજ, ગઝલ વિશ્વના બે અગ્રણી ગઝલકારો અમૃત ઘાયલ અને અબ્બાસ વાસી 'મરીઝ' ના શતાબ્દિ વર્ષ નિમિત્તે એક મુશાયરાનું આયોજન થઈ ગયું. આ મુશાયરાના કવિઓ હર્ષ બ્રહ્મભટ્ટ, ચંદ્રેશ મકવાણા, ગૌરાંગ ઠાકર, ભાવેશ ભટ્ટ, અનંત રાઠોડ અને ભાવિન ગોલાણી હતા. આ પ્રસંગે શોભિત દેસાઈ સંપાદિત અમૃત ઘાયલ અને મરીઝ - બંનેના 'ગઝલ શતકો'નું વિમોચન અને લોકાર્પણ જાણીતા ગઝલકાર જલન માતરીના વરદ્‌હસ્તે થયું હતું.

● ગુજરાત કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા કચ્છી ભાષાના વિકાસ અને ઉત્કર્ષમાં સાહિત્યકારોએ પોતાના સર્જન, વિવેચન કે સંશોધનથી પ્રદાન કરનાર કચ્છી સાહિત્યકારોને પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૧૪ સુધીના વર્ષોના કુલ પાંચ પુરસ્કારો સાહિત્યકારોને આપવામાં આવ્યા,

જેમાં વર્ષ ૨૦૧૦માં જયંતિભાઈ જોશી,
વર્ષ ૨૦૧૧માં વિસન નાગડા,
વર્ષ ૨૦૧૨માં રવિ પેથાણી;
વર્ષ ૨૦૧૩માં ગૌતમ જોશી અને
વર્ષ ૨૦૧૪માં હરેશ દરજીનો સમાવેસ થયેલો હતો.

muljibhaidadhi@gmail.com